# કેજરીવાલના આક્ષેપોને રદિયો આપતા વાઢેરા

નવી દિલ્હી, તા.૭

રિયાલિટી કંપની ડીએલેફની સાથે તેમના કારોબાર અંગે ઈન્ડિયા અગેંસ્ટ કરપ્શનના સભ્ય અરવિન્દ કેજરીવાલ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને આજે કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાએ રદિયો આપ્યો હતો. વાઢેરાએ કહ્યું હતું કે કેજરીવાલ તેમની પ્રતિષ્ઠા ખરડવાના હેતુથી આ પ્રકારના આક્ષેપો કરી રહ્યા છે. કેજરીવાલના તમામ આક્ષેપોનો જવાબ આપતા રોબર્ટ વાડેરાએ કહ્યું હતું કે તેમના પર મુકવામાં આવેલા તમામ આક્ષેપ પાયાવગરના છે.વાઢેરાએ કહ્યું હતું કે કેજરીવાલ સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે આ પ્રકારના ગંભીર આક્ષેપો કરી રહ્યા છે. વાઢેરાએ જવાબ આપતા હવે શાબ્દિક યુદ્ધ વધારે તીવ્ર બન્યું છે. વાઢેરાએ શરૂઆતમાં આક્ષેપોનો જવાબ ન આપતા તર્ક વિતર્કનો દોર જામ્યો હતો. જો કે વાઢેરાએ આજે તમામ આક્ષેપો અંગે ખુલાસો કર્યો હતો. વાઢેરાએ કહ્યું હતું કે તેઓ છેલ્લા ૨૨ વર્ષથી કારોબાર કરી રહ્યા છે અને વેપાર સાથે સંબંધિત તેમના તમામ સોદા લોકોની સામે છે. વાઢેરાએ કહ્યું હતું કે આક્ષેપો મારફતે તેમને અને તેમના પરિવારને બદનામ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. માત્ર સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે જ આ પ્રકારના પ્રયાસો થઈ રહ્યા છે. વાઢેરાએ કહ્યું હતું કે તેઓ કાયદામાં સંપૂર્ણપણે વિશ્વાસ રાખે છે.બીજી બાજુ આક્ષેપબાજી વધુ તીવ્ર બની છે.કેજરીવાલ અને તેમના વકીલ સાથી પ્રશાંત ભુષણે એવા આક્ષેપો કરીને



સનસનાટી મચાવી દીધી હતી કે વાઢેરાએ માર્કેટ રેટ કરતા પણ ખુબ ઓછી કિંમતે ગુરગાવ અને આસપાસના વિસ્તારોમાં સંપત્તિની ખરીદી કરી હતી. ત્યારબાદ આ સંપત્તિ ખુબ ઉંચી કિંમતે વેચી દેવામાં આવી હતી. કેજરીવાલે એમ પણ કહ્યું હતું કે તેઓ જો તેમના આક્ષેપો ખોટા હોય તો તેઓ બદનક્ષીના કેસનો સામનો કરવા માટે પણ તૈયાર છે. કેસની મેરીટના મામલે કોંગ્રેસ મૌન કેમ છે તે અંગે કેજરીવાલે વળતો પ્રશ્ન પણ કર્યો હતો. દરમિયાન આ મામલો સપાટી પર આવ્યા બાદ ભાજપ અને અન્ય રાજકીય પક્ષો મેદાનમાં આવી ગયા છે તેમના પ્રશ્નો પણ સોનિયા ગાંધી સામે પ્રશ્ન કરી રહ્યા છે. સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે વાઢેરાની સંપત્તિમાં જ્યુડિશિયલ તપાસની માંગણી કરી ચુક્યા છે. કોંગ્રેસે વાઢેરાનો બચાવ કર્યો છે અને કહ્યું છે કે તપાસ માટેની માંગણી બિનજરૂરી છે. કોંગ્રેસના પ્રકતા મનિષ તિવારીએ કહ્યું છે કે આ પ્રકારની માગં વાજબી નથી. બે ખાનગી કંપનીઓ વચ્ચે કાયદાકીય રીતે કારોબાર થયો છે તેમાં તપાસની જરૂર શુ છે.તેમણે કહ્યું છે કે મામલે બિનજરૂરી હોબાળો થઈ રહ્યો છે. રાષ્ટ્રીય જનતા દળના વડા લાલુ યાદવે કહ્યું છે કે વાઢેરા સામે કેજરીવાલ જંગલી આક્ષેપો કરી રહ્યા છે. આગામી દિવસોમાં પણ રાજકીય રીતે વાઢેરા સામેના આક્ષોપોનો મામલો ગરમ રહે તેવી વકી છે.

## કુખ્યાત અબુ જુન્ડાલની સામે ટુંક સમયમાં પુરક ચાર્જશીટ


મુંબઈ,તા. ૭

દેશના વાંણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ભીષણ ત્રાસવાદી હુમલાના મામલે ટુંક સમયમાં જ પોલીસ એક પુરક ચાર્જશીટ દાખલ કરવાની તૈયારીમાં છે. કુખ્યાત ત્રાસવાદી અબુ જુન્ડાલની સામે દાખલ કરવામાં આવનાર પુરક ચાર્જશીટમાં અનેક નવી બાબતોનો સમાવેશ રહેશે. પુરક ચાર્જશીટમાં જુન્ડાલને મુખ્ય કાવતરાખોર તરીકે રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. પુરક ચાર્જશીટમાં જુન્ડાલ ઉપરાંત ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના સભ્ય જબીઉદ્દીન અંસારી ઉર્ફે અબુ જુન્ડાલને મુખ્ય કાવતરાખોર તરીકે રજૂ કરીને નવી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવશે. ક્રાઈમ બ્રાન્ચના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે પુરક ચાર્જશીટ એક પખવાડિયામાં દાખલ કરવામાં આવસે. ચાર્જશીટમાં સ્પષ્ટ પણે કહેવામાં આવશે કે ધરપકડ કરવામાં આવેલ જુન્ડાલે મુંબઈમાં હુમલો થયો ત્યારે જીવતા પકડી લેવામાં આવેલા ત્રાસવાદી કસાબ અને અન્ય નવ ત્રાસવાદીઓને હિન્દી ભાષા શિખવાડવાની જવાબદારી જુન્ડાલને સોંપવામાં આવી હતી. જુન્ડાલ બીડમાં હિન્દીમાં એમએનો પ્રથમ વર્ષ પૂર્ણ કરી ચુક્યો છે. ત્રાસવાદીઓને હિન્દી ભાષા શિખવાડવા પાછળ પણ હેતુ હતો. હુમલા દરમિયાન સુરક્ષા સંસ્થાઓના ધ્યાનને અન્યત્ર વાળવાના હેતુથી તેમને આ ભાષા શિખવાડવામાં આવી હતી. ચાર્જશીટમાં જુન્ડાલ અને કસાબ વચ્ચે સામસામે વાતચીતની પણ વિગત રહેશે. આ વાતચીત હાલમાં સુરક્ષા અધિકારીઓની હાજરીમાં આર્થર રોડ જેલમાં થઈ હતી. જુન્ડાલે મુંબઈ હુમલા અંગે પહેલાથી જ અનેક ચોંકાવનારી કબુલાત કરી છે.

## ભારતની વર્ષ ૨૦૧૭ સુધી ૧૪ દુરસંચાર ઉપગ્રહ છોડવાની યોજના

નવી દિલ્હી, તા. ૭

ટ્રાન્સપોન્ડર્સની જોરદાર માંગ વચ્ચે ભારત હવે વર્ષ ૨૦૧૭ સુધી ૧૪ દુરસંચાર ઉપગ્રહ છોડવાની યોજના ધરાવે છે. ભારતે દુરસંચાર ઉપગ્રહ લોંચ કરવાની તેની પ્રાથમિક તૈયારી પર વિચારમા શરૂ કરી દીધી છે. સાથે સાથે તેની તૈયારી પણ હાથ ધરવામાં આવી છે. ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ ઈન્સેટ-જીસેટમાંથી ૧૮૭ની ઓપરેશનલ ક્ષમતાની સરખામણીમાં ૧૨મી યોજના (૨૦૧૨-૨૦૧૭)માં ૭૯૪ ટ્રાન્સપોન્ડર્સ માટે અંદાજિત માંગ ધરાવે છે. ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસના ટોચના અધિકારીઓ માને છે કે ભારત પણ ટ્રાન્સપોન્ડર્સ કટોકટી ધરાવે છે અને આ કટોકટીને દુર કરવા માટે ઝડપથી આ દિશામાં આગળ વધવાની જરૂર છે. ભારતીય અવકાશ સંશોધન સંસ્થામાં જાણકાર સુત્રોએ કહ્યું છે કે મોબાઈલ દુરસંચાર માટે હાઈ પાવર એસ-બેન્ડ સેટેલાઈટ અને નવી પેઢીના જીઓ ઈમેજિંગ સેટેલાઈટ સહિત ૧૪ સુચિત સ્પેશક્રાફ્ટ



ટ્રાન્સપોન્ડર્સની ક્ષમતા વધારવાનો હેતુ ધરાવે છે. નવી જનરેશનના બ્રોડબેન્ડ અને વીસેટ અને કા બેન્ડ સિસ્ટમ પણ રજૂ કરવામાં આવનાર છે. આ તમામ સેટેલાઈટ દેશની તમામ જરૂરીયાતોને પહોંચી વળવા ટ્રાન્સપોન્ડર્સની માંગ અને પુરવઠા વચ્ચે અંતરને દુર કરવામાં સફળ રહેશે. સુત્રોએ કહ્યું છે કે કોઈ પણ સ્થિતીને પહોંચી વળવા માટે પહેલાથી જ આયોજન કરવામાં આવી રહ્યું છે. ૧૨મી યોજના દરમિયાન ૧૬ પીએસએલવી મિશન, છ જીએસએલવી એમકે-૨ મિશન તેમજ બે જીએસએલવી-એમકે-૩ મિશન હાથ ધરવામાં આવનાર છે. ઈસરોમાં જાણકાર સુત્રોએ કહ્યું છે કે ભારતે અંતરિક્ષના ક્ષેત્રમાં ઝડપથી આગળ વધવા માટે અન્ય અનેક યોજના પણ તૈયાર કરી છે.એકંદરે ૧૨મી યોજનાના ગાળા દરમિયાન ૩૩ સેટેલાઈટ અને ૨૫ લોંચ વ્હીકલ મિશન હાથ ધરવામાં આવનાર છે.

## ઇન્ફેક્શનના કારણે દર વર્ષે બે લાખ શિશુના મોત : રિપોર્ટ

નવી દિલ્હી.તા.૭

તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઈ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૦૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે બેક્ટેરિયલ ઈન્ફેક્શન હોસ્પિટલમાં લાગતા ઈન્ફેક્શનનાં કારણે થાય છે. પુખ્ત વયના લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતાં કેટલાંક બાળકોનાં મોત થાય છે. યોગ્ય માર્ગદર્શન નહીં મળવાથી અથવા તો આડેધડ દવાનો ઉપયોગ કરવાથી બાળકોનાં મોત થાય છે. નવજાત શિશુ સામે કામ કરતાં બેક્ટેરિયાને અમે મજબૂત બનાવી દઈએ છીએ. નવજાત શિશુમાં રોગપ્રતિકારક શક્તિ ખૂબ ઓછી રહે છે. આવા બાળકોને ખૂબજ સંભાળની જરૂર પડે છે. એન્ટીબાયોટિક રજીસ્ટન્સ અથવા તો એબીઆર સામે લડવા ઉપયોગી એન્ટીબાયોટિકનો ઉપયોગ વધે તે અતિ જરૂરી છે. ભારતમાં નવજાત શિશુ અને બાળકને જન્મ આપનાર માતાનો દર ઉંચો છે.

## એરલાઇનના વડાઓના પગાર પેકેજમાં જંગી વધારો

નવી દિલ્હી,તા. ૭

વિવિધ પરિબળોના કારણે એર કેરિયર્સ હાલમાં ખુબ મુશ્કેલ સ્થિતીમાં છે. પરંતુ તેમના ટોચના કારોબારી અધિકારીઓને જંગી પગાર મળ્યા છે. એરલાન્સિના વડાઓના પગારમાં જંગી વધારો પણ કરવામાં આવ્યો છે. નાણાંકીય કટોકટી અને દેવાની સમસ્યાનો સામનો કરી રહેલી તેમજ હાલમાં આંશિક બંધ હાલતમાં રહેલી કિંગફિશરના સીઈઓ પણ સૌથી જંગી પગાર પેકેજ



મેળવી રહેલા સીઈઓની યાદીમાં રહેતા તમામને ભારે આશ્ચર્ય થયું છે. વિજય માલ્યાની માલિકીના યુબી ગ્રુપમાં ટોચના લોકો જંગી પગાર મેળવી રહ્યા છે. તેમના વાર્ષિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે દેશની ત્રણ લિસ્ટેટ એરલાઈન્સમાં કિંગફિશરના સીઈઓ સંજય અગ્રવાલ પણ સામેલ છે. અગ્રવાલ ૩૧મી માર્ચ ૨૦૧૨ના દિવસે પુરા થયેલા નાણાંકીય વર્ષમાં સૌથી વધારે પગાર પેકેજ મેળવનારની યાદીમાં બીજા ક્રમાંકે હતા. તાજેતરમાં જ કિંગફિશરે કર્મચારીઓના રોસ અને અન્ય તમામ કારણોસર કામચલાઉ લોકઆઉટની જાહેરાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અગ્રવાલને પણ એપ્રિલ મહિના બાદથી પગારની ચુકવણી કરવામાં આવી નથી. કારણ કે કંપની પાસે ફંડ નથી. નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨માં તેમની આવક ૪.૦૧ કરોડની આસપાસ પહોંચી હતી. જ્યારે ૨૦૧૦-૧૧માં તેમની આવક ૨.૧૨ કરોડ સુધી પહોંચી હતી. યુબી ગ્રુપની સાત લિસ્ટેટ કંપનીઓના વાર્ષિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે તેના ચેરમેન અને પ્રમોટર વિજય માલ્યાને ૧.૪૩ કરોડની ચુકવણી કરવામાં આવી હતી. જુદી જુદી ગ્રુપ કંપનીઓમાંથી તેમની આ આવક થઈ હતી. કિંગફિશરમાં વિજય માલ્યાને કોઈ રકમ ચુકવવામાં આવી નથી. તાજેતરમાં કિંગફિશરની હાલત કફોડી બનેલી છે. વિજય માલ્યા કિંગફિશરમાં નવા પ્રાણ ફુંકવા માટે તમામ પ્રયાસ કરી રહ્યા છે. ટોચની સાત કંપનીઓ પૈકી બે કંપની મેકડોવેલ્સ્ અને યુબી હોલ્ડિંગ દ્વારા તેમના મેનેજિંગ ડિરેક્ટરો હરીશ ભટ્ટ અને મેંગલોર કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈજરના એમડી દિપક આનંદે ટોકન પગાર લીધો છે. હરીશ ભટ્ટ યુબી હોલ્ડિંગની એસોસિએટ કંપનીના કારોબારી તરીકે ૧.૩૧ કરોડ રૂપિયા લીધા છે.

## ઓફઆઈઆઈ દ્વારા ૩૩૦૦ કરોડ ઠલવાયા

મુંબઈ,તા. ૭

વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાં તેમનો વિશ્વાસ જાળવી રાખ્યો છે. આ જ કારણસર વિદેશી રોકાણકારો મોટા પાયે રોકાણ કરી રહ્યા છે. સરકારે તાજેતરમાં આર્થિક વિકાસને ઝડપી બનાવવા અનેક પગલા લીધા છે.

ઓક્ટોબરમાં હજુ સુધી એફઆઈઆઈ દ્વારા ૩૩૦૦ કરોડ રૂપિયા ઠાલવવામાં આવ્યા છે. છેલ્લા સપ્તાહમાં પણ જંગી નાણાં ઠાલવવામાં આવ્યા હતા. આ વર્ષે દેશના ઈક્વિટી માર્કેટમાં વિદેશી રોકાણકારોએ ૮૫૭૧૧ કરોડનું રોકાણ કર્યું છે. માર્કેટ રેગ્યુલેટર સેબી પાસે ઉપલબ્ધ આંકડામાં જણાવવામાં આવ્યું છે કે પહેલીથી પાંચમી ઓક્ટોબર વચ્ચેના ગાળામાં વિદેશી રોકાણકારોએ ૧૩૦૯૪ કરોડની કિંમતના શેર ખરીદ્યા છે. જ્યારે ૯૭૧૪ કરોડની કિંમતના શેરનુ વેચાણ કર્યું છે.

## ભારતે આજે ૨૯૦ કિલોમીટરની રેંજ ધરાવતી બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલનુ સફળ રીતે પરીક્ષણ કર્યુ

પણજી,તા. ૭

ભારતે આજે સવારે ૨૯૦ કિલોમીટરની રેંજ ધરાવતી બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલનુ સફળ રીતે પરીક્ષણ કર્યું હતું. પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે મોટી સંખ્યામાં સંરક્ષણ વૈજ્ઞાનિકો અને સંબંધિત અધિકારીઓ હાજર રહ્યા હતા. આ મિસાઈલ ૩૦૦ કિલોગ્રામ વોરહેડ લઈને ત્રાટકી શકે છે. નૌકા સેના દ્વારા આનુ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ક્રુઝ મિસાઈલનુ પરીક્ષણ ગોવાના દરિયાકાઠે રશિયા પાસેથી હાલમાં લેવામાં આવેલા આઈએનએસ ટેગ પરથી કરવામાં આવ્યું હતું. રશિયામાં યંતર શિપયાર્ડમાં તૈયાર આઈએનએસ ટેગ પરથી મિસાઈલને સપળ રીતે છોડવામાં આવી હતી. ગયા વર્ષે રશિયામાં પણ તેના સમાવેશ વેળા તેને છોડવામાં આવી હતી. બે બાકીના યુદ્ધ જહાજ આઈએનએસ તર્ક અને આઈએનએસ ત્રિખંડ પણ ખુબ મહત્વપૂર્ણ છે. આ મિસાઈલ બે તબક્કાની છે જેમાં એક સોલિડ અને અન્ય રેમજેટ લિક્વિડ પ્રોપેલન્ટ તરીકે છે. સંરક્ષણ સુત્રોએ કહ્યું છે કે આર્મી અને નૌકા સેનાની આ મિસાઈલ આવૃતિ પહેલાથી સામેલ કરવામાં આવી ચુકી છે. જ્યારે એરફોર્સ વર્જન માટે ટ્રાયલ અંતિમ તબક્કામાં છે. આઈએનએસ રાજપુત સાથે વર્ષ ૨૦૦૫માં ભારતીય નૌકા સેનામાં બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમની પ્રથમ આવૃતિ સામેલ કરવામાં આવી હતી. સુત્રોએ કહ્યું છે કે એરલોંચ અને સબમરીન લોંચ હાલમાં પ્રગતિ હેઠળ છે.

સેનાએ ત્રણ રેજિમેન્ટ દ્વારા મિસાઈલ ગોઠવવાની સુચના આપી છે. બ્રહ્મોસ એરોસ્પેશ એક ભારત અને રશિયન સંયુક્ત સાહસની કંપની છે. જે આ મિસાઈલ સિસ્ટમના એર અને સબમરીન લોંચ વર્જન પર કામ કરી રહી છે. પ્રોજેક્ટ પર કામ સારી રીતે ચાલી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતે હાલમાં અનેક મિસાઈલના પરીક્ષણ કર્યા છે. જેમા પૃથ્વી, અગ્નિ અને ધનુષ મિસાઈલનો સમાવેશ થાય છે.

## સિંચાઇ કાંડઃ શ્વેત પત્ર અંગે ભાજપ વિભાજિત

મુંબઈ, તા. ૭

મહારાષ્ટ્રમાં ભારે રાજકીય ગરમી જગાવનાર સિંચાઈ કાંડમાં શ્વેત પત્ર મામલે ભાજપનાસભ્યો વિભાજિત દેખાઈ રહ્યા છે. એકબાજુ મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં વિપક્ષના નેતા વિનોદ તાવડે દ્વારા સિંચાઈ પ્રોજેક્ટના દરજ્જા અંગે શ્વેત પત્રના મુસદ્દા તૈયાર કરવાની માંગણી કરી છે. બીજી બાજુ ભાજપના વરિષ્ઠ નેતા ગોપીનાથ મુન્ડે દ્વારા સમગ્ર મામલામાં સીબીઆઈ તપાસની માંગ કરવામાં આવી છે. તાવડેએ માહિતી આપતા કહ્યું છે કે રાજ્ય સરકારે જુદા જુદા વિભાગોની બનેલી ત્રણ સભ્યોની સમિતી બનાવવી જોઈએ. જેમાં સિંચાઈ વિભાગના અધિકારીઓને સામેલ કરવા જોઈએ નહી. આ સમિતીએ સિંચાઈ મામલે શ્વેત પત્ર તૈયાર કરવો જોઈએ.

સિંચાઈ કોંભાડમાં સીબીઆઈ તપાસની માંગ ભાજપ દ્વારા પહેલાથી જ કરવામાં ાવી ચુકી છે. કારણ કે મુન્ડેએ આ વાત કરી હતી. મુન્ડેએ કહ્યું હતું કે સિંચાઈ અંગે માત્ર શ્વેત પત્ર રજૂ કરીને તમામ હેતુ પૂર્ણ થશે નહી. મુખ્યપ્રધાન ચોવ્હાણ અને એનસીપીના વરિષ્ઠ નેતા અજિત પવાર વચ્ચે ચોથી ઓક્ટોબરના દિવસે યોજાયેલી બેઠક અંગે વાત કરતા તાવડેએ કહ્યું હતું કે તેમની સુરક્ષા માટે મુખ્યપ્રધાન શ્વેત પત્ર સાથે આવશે.

## બર્ફીમાં ભૂમિકા અદા કરનાર ઇલિયાના મુંબઇમાં જ રહેશે


મુંબઈ,તા. ૭

રણબીર કપુર અને પ્રિયંકા ચોપડા જેવા કલાકારો હોવા છતાં પોતાની છાપ છોડનાર અભિનેત્રી ઈલિયાના ડીક્રુઝને હવે સતત ફિલ્મોની ઓફર મળી રહી છે. બર્ફી ફિલ્મમાં શાનદાર ભૂમિકા અદા કર્યા બાદ તે લોકપ્રિય થઈ રહી છે. તે હવે મુંબઈમાં રહીને બોલિવુડની ફિલ્મોમાં વધારે ધ્યાન આપવાની ઈચ્છા ધરાવે છે. ઈલિયાનાની ભૂમિકાની ચારે બાજુ પ્રશંસા થઈ છે. તેના માટે હવે નવા બારણા ખુલી ગયા છે. ઈલિયાનાને સતત નવી નવી ઓફર મળી રહી છે. તેને બોલિવુડમાં શાનદાર કેરિયરની આશા દેખાઈ રહી છે. જેથી તે તમામ તાકાત લગાવી રહી છે. હવે તે મુંબઈમાં યોગ્ય આવાસની શોધ કરી રહી છે. તેનુ કહેવુ છે કે ટુંક સમયમાં જ તે મુંબઈમાં સ્થાયી થઈ જશે. તેના દ્વારા ઘરની શોધ કરવામાં આવી રહી છે. તે તેલુગુ ફિલ્મો પણ છોડનાર નથી.ઈલિયાનાનું કહેવુ છે કે તેની ોળખ તેલુગુ ફિલ્મોના કારણે તઈ છે. જેથી તે અહીં સતત કામ કરશે. પરંતુ બોલિવુડમાં પણ તેની નજર રહેશે. તે નિખાલસપણે કબુલે છે કે બોલિવુડ ખુબ વિશાળ છે અને અહીં ઓળખ ઉભી કરવી ખુબ મુશ્કેલ છે.

## નરેન્દ્ર મોદી શાનદાર હેટ્રીક કરશે : સર્વે

નવી દિલ્હી,તા. ૭

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પહેલા જુદી જુદી પાર્ટીઓની હાર અને જીતની અટકળો વધારે તીવ્ર બની જાય છે. અટકળોનો સિલસિલો પણ શરૂ થઈ ગયો છે. હવે એક નવા સર્વેમાં કહેવામાં આવ્યું છે કે ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર



મોદીના નેતૃત્વમાં ભાજપ આ વખતે વધુ સારો દેખાવ કરશે. ભાજપ વર્ષ ૨૦૦૭ કરતા વધારે સારો દેખાવ કરીને જીત મેળવશે. મોદી હેટ્રીક નોંધાવશે. ભાજપને રાજ્યમાં કુલ ૧૮૨ વિધાનસભાની સીટ પૈકી ૧૩૩ પર શાનદાર જીત મળશે. લેંસ ઓન ન્યુઝ મારફતે કરવામાં આવેલા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે કોંગ્રેસની સ્થિતી કફોડી રહેશે. આમાં કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસને માત્ર ૪૩ સીટ પર જ જીત મળશે. જે વર્ષ ૨૦૦૭ની સરખામણીમાં ૧૬ બેઠકો ઓચી રહેશે. આ સર્વે રાજ્યની ૫૨ વિધાનસભા બેઠકોમાં ૭૨૯૪ મતદારોને આવરી લઈને કરવામાં આવ્યા બાદ તેના તારણો જારી કરવામાં આવ્યા છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ભાજપને ફાયદો કેમ થશે. ભાજપને ૧૬ બેઠકોનો સીધો લાભ થશે. આ સીટ પૈકી ૧૦ બેઠકો શહેરી વિસ્તારોની રહેશે. કોંગ્રેસને મોટો ફટકો પડશે. સર્વેનુ કહેવુ છે કે ગુજરાતમાં નરેન્દ્ર મોદી જેવા કોઈ નેતા નથી. મોદીએ પોતાની ઈમેજનો ઉપયોગ કરીને ચૂંટણીને છ કરોડ ગુજરાતી સામે દિલ્હીની સોનિયા ગાંધી સરકાર તરીકે રજૂ કરી છે. વર્ષ ૨૦૦૭ની ચૂંટણીમાં ભાજપે ૧૧૭ સીટો જીતી હતી જ્યારે કોંગ્રેસને ૫૯ બેઠકો મળી હતી. ભાજપની મત હિસ્સેદારી ૪૯ ટકાની આસપાસ રહી હતી. જ્યારે કોંગ્રેસની મત હિસ્સેદારી ૩૮ ટકા રહી હતી. નવા સર્વેથી ભાજપની સ્થિતી મજબુત છે. પરંતુ ભાજપનહજુ સુધીનો સૌથી વધારે બેઠકો જીતવાનો રેકોર્ડ તોડવામાં સફળતા મળશે નહી તેમ જાણવા મળ્યું છે. કોંગ્રેસે માધવસિંહ સોલંકીના વેળા સૌથી વધારે બેઠકો જીતી હતી.

### હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

કદાચ આ જોઇ વ્યાસ મુનિએ ફરીથી નવા મહાભારતની રચના કરવા માટે નવેસરથી જન્મ લેવો પડે! એટલા માટે કે પહેલાંના મહાભારતમાં તેમની દ્રૌપદીને પાંચ પુરૂષો સાથે પરણાવી હતી. પણ હવે કદાચ મહાભારતનો વિષય બદલાય પરંતુ એમાં એટલો જ ફેરફાર થાય કે પાંચ ભાઇઓ વચ્ચે એ કારણસર એક જ સ્ત્રી રાખવાની નોબત આવે કે આપણા સમાજમાં સ્ત્રીઓની વસ્તી તે હદે ઘટી રહી હશે.

હા, મિત્રો આ દિવસ દૂર નથી એટલા માટે કે દિવસે - દિવસે બળાત્કારના કેસો વધે છે. સમાજમાં ભણેલા ગણેલા પુરૂષોને યોગ્ય કન્યા ન મળવાથી કુંવારા રહેવું પડે છે. આવા ઘોર અંધકાર વચ્ચે પણ આ શાનું કિરણ અકબંધ છે. દીકરીને સાપનો ભારો નહીં પરંતુ વ્હાલનો દરિયો ગણવાનું શરૂ થયું છે. પુરૂષને 'બાપ' તરીકે જીવવું હશે તો એને ફક્ત દીકરાથી નહીં ચાલે પિતા માટે પુત્ર કરતા પુત્રી વધારે આશ્વાસન રૂપ નીવડતી રહી છે.

દા. ત. શાહજહાંને એના દીકરા ઔરંગઝેબે કેદમાં પૂર્યો હતો ત્યારે એની સેવા એની વ્હાલસોઇ દીકરીએ કરી હતી. બાપ માટે દીકરી એ એનું હૃદય છે, લાગણીની લીલાશ છે તે ભાવની ભીનાશ છે.

દીકરો બાપનો હાથ છે તો દીકરી શ્વાસ છે. હાથ વગર ચાલે પણ શ્વાસ વગર ન ચાલે. પુત્ર પતંગ છે તો પુત્રી પતંગિયુ છે. પુત્ર યાચના છે તો પુત્રી પ્રાર્થના છે, પુત્ર કલશોર છે તો પુત્રી કલરવ છે.

હું એવી એક દીકરી છું. મારા એક-બે નહીં ચાર ચાર માતા-પિતા છે! હું કૃષ્ણ જેવી કિસ્મતવાળી છું! એક તરફ બેફામ રીતે નારી જાતિના નિકંદનના કિસ્સા ચાલે છે, બીજી બાજુ મારા જેવી દીકરીને કલ્પના પણ ન કરી હોય એટલો પ્રેમ મળે છે તમે માનશો? સંત વેલેન્ટાઇનના હરતાં ફરતાં ઇંડિયન અવતાર જેવા મારા પાલક પિતાને હું 'વેલેન્ટાઇન ડે' નું પહેલું ગુલાબી સ્મિત આપી મારી જાતને દુનિયાની સૌથી ભાગ્યશાળી દીકરી ગણું છું! હું નશીબદાર છું કે એ રીતે પણ છું કે મારે પણ એક નાનકડી દીકરી છે, શું તમે આટલા નશીબદાર છો?

### નર્સ....એક પ્રેતકથા (પાના નં. ૪ નું ચાલુ)

તેણે હસીને સૂરજને ફાઇલ વિષે વાત કરી. અને અગત્યની ફાઇલો અત્યારે જોઇ જવા કહ્યું. સૂરજ પણ મોં ઉપર હાથ ફેરવતો તેની વાત માની ફાઇલ જોવા તત્પર થયો. સેક્રેટરી હળવું હાસ્ય કરી ઓફિસની બહાર નીકળી ગઇ.

સૂરજ ખૂરશીમાં સરખો થયો અને ફાઇલો હાથમાં લીધી. ફાઇલનું પૂઠું ખોલતાં જ તે એકદમ ચમકી ખૂરશીમાંથી ઊભો થઇ ગયો. ફાઇલમાં મોનિકાનો ફોટો હતો અને નીચે લખેલું હતું. હું તારી જોડે જ છું અને તને લીધા સિવાય જવાની નથી. ચાલ તૈયાર થઇ જા.'

સૂરજ ગભરાઇને ફાઇલ બંધ કરી પરસેવો લૂછતાં લૂછતાં ચકળવકળ ડોળે ઓફિસમાં બધે જોવા લાગ્યો. ત્યાં ફરી ઓફિસનું બારણું ખુલ્યું. ઓફિસનો પ્યુન હતો અને તેના હાથમાં કેટલીક ટપાલો હતી. તેણે બોસની આ હાલત અગાઉ ક્યારેય જોઇ ન હતી. તેથી તે ગભરાઇ ગયો અને બોલી ઊઠ્યો કે 'સર, શું થયું છે? આપની તબિયત તો ઠીક છે ને?' સૂરજ કંઇક સ્વસ્થ થતાં બોલ્યો, મીસ રીના શું કરે છે, પ્યૂન બોલ્યો, સર, મેડમ તો આજે રજા ઉપર છે. બીજા કોઇકને મોકલું?' આ સાંભળતા સૂરજને ધરતી ગોળ ફરતી લાગી, તેને ચક્કર આવ્યા અને તે નીચે પડી ગયો. પ્યુને બૂમ પાડી બધાંને બોલાવ્યા. તરત સૌ તેની સારસંભાળમાં લાગ્યા અને કોઇકે ઘેર શેઠાણીને ફોન કરી વાત જણાવી.

શિલ્પાએ તાત્કાલિક ડો. ભાર્ગવને જણાવ્યું અને હવે દવાખાને ગયા સિવાય છૂટકો ન હતો. સૂરજને તાત્કાલિક દવાખાને લઇ જવામાં આવ્યો. જ્યાં ન છૂટકે ડોક્ટર ભાર્ગવે તેને ત્રણ શોક આપ્યા. કેમ કે, સૂરજને બચાવવા હવે તે સિવાય કોઇ રસ્તો રહ્યો ન હતો.

બીજા દિવસે તેને બંગલે લાવ્યા, પરંતુ હવે સૂરજની સ્થિતિ બગડતી ચાલી હતી. ઘરે હવે તે પાગલ જેવી હરકત કરવા માંડ્યો હતો. હવે તો તેની જોડે એક વ્યક્તિને ફરજિયાત રહેવું પડતું હતું. સૂરજની માનસિક સ્થિતિ ભયંકર હદે પહોંચી ગઇ હતી. શૂન્ય મનસ્કે તે ક્યારેક બેસી રહેતો તો ક્યારેય હિંસક પણ બનતો.

અમાસની એ રાત આવી હતી. ધરતી ઉપર કાયમ અંધકારનું સામ્રાજય રહ્યું છે. મધરાતનો સમય જઇ રહ્યો હતો. બાર વાગ્યાના ટકોરા દૂરનાં ટાવરમાં પડી રહ્યા હતા. બધૂ સૂમસામ હતું અને ત્યાં બંગલાના ઉપરના માળેથી કોઇકે પડતું મૂક્યું હતું. પણ આ વાતની કોઇને ખબર સુધ્ધાં ન હતી.

સવારે નોકરની રાડ પડી, દો...ડો, શે..ઠા..ણી... દોડો. શેઠ પડી ગયા છે. તરત સૌ દોડી આવ્યા. જોયું તો લોહીના ખાબોચીયામાં સૂરજનો મૃતદેહ પડ્યો હતો. માનસિક તકલીફે તેનો ભોગ લીધી હતો.

પોલીસ આવી પહોંચી. પંચનામુ થયું અને લાશને પોષ્ટ મોટમ માટે લઇ જવાશે. સર્વત્ર શોક છવાઇ ગયો. ટીવી અને ન્યૂઝ પેપર્સે આ સમાચારને બ્રેકીંગ ન્યૂઝમાં લીધા. આશ્વાસન આપનારની જાણે કે લાઇન લાગી હતી.

ઘરમાં સૌ શોકાતુર હતાં અને આવનારા સૌની ખાતિર કરતા હતા. ઉપર બેડરૂમના અરીસામાં વિધવા શિલ્પા છૂટ્ટા વાળ સાથે ઊભી ઊભી ઊંડા વિચારમાં હતા. તેની આંખોમાં ન સમજાય તેવો ભાવ હતો.

સહેજવારે તે ભયંકર ધીમું હસી. અને વોશરૂમ તરફ જોઇ ધીમો સાદ દીધો, "મો...નિ... કા...!!"